અત્યાર સુધી તક ન મેળવી શકનારા અનેક ઉભરતા ખેલાડીઓને મોકો, ઈન્ટરનલ પરીક્ષા બાદ સ્પર્ધા યોજાશે

# કોમર્સ ફેકલ્ટીમાં પ્રથમવાર ઈન્ટર-બિલ્ડિંગ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ યોજાશે,વિજેતાની યુનિ. ટીમ માટે પસંદગી

## શ્રેષ્ઠ ખેલાડીઓને MSUની ઈન્ટર-ફેકલ્ટી સ્પર્ધા માટે મોકલાશે, 26 સપ્ટેમ્બર પછી શિડ્યૂલ જાહેર થશે

એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા

એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં પ્રથમવાર યુનિવર્સિટી સ્તરની ટુર્નામેન્ટ પહેલાં ઈન્ટર-બિલ્ડિંગ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ યોજવાનો નિર્ણય લેવાયો છે. સામાન્ય રીતે દર વર્ષે યુનિવર્સિટી કક્ષાની ઈન્ટર-ફેકલ્ટી સ્પર્ધાઓ માટે ખેલાડીઓની સીધી પસંદગી કરાતી હતી. પરંતુ આ વખતે કોમર્સ ફેકલ્ટી હેઠળ આવતા તમામ બિલ્ડિંગના વિદ્યાર્થીઓ વચ્ચે પહેલાં આંતરિક સ્પર્ધા યોજાશે. આ નિર્ણયથી વહીવટી કે અન્ય કારણોસર અત્યાર સુધી તક ન મેળવી શકનારા અનેક ઉભરતા ખેલાડીઓને મોકો મળશે.

હાલમાં કોમર્સના હજારો વિદ્યાર્થીઓ 17થી 26 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી મિડ-સેમેસ્ટર ઈન્ટર્નલ પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે. 10 દિવસીય શૈક્ષણિક કસોટી અને વાંચનના બોજમાંથી મુક્ત થયા બાદ વિદ્યાર્થીઓ સીધા રમતના મેદાનમાં ઉતરશે. પરીક્ષાઓ પૂરી થતાં જ ફેકલ્ટી દ્વારા સ્પોર્ટ્સ ડે અને વિવિધ સ્પર્ધાઓનું સત્તાવાર ટાઈમટેબલ જાહેર કરાશે. તમામ ઈન્ડોર અને આઉટડોર રમતોના મુકાબલા પેવેલિયન ગ્રાઉન્ડ ખાતે યોજાશે. આંતરિક સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને કોમર્સની સત્તાવાર ટીમમાં સ્થાન મળશે.

### નિષ્ણાત કોચની નજર હેઠળ પારદર્શક પસંદગી પ્રક્રિયા

વિદ્યાર્થીઓની પસંદગી પ્રક્રિયામાં પૂરેપૂરી પારદર્શકતા અને વ્યાવસાયિકતા જળવાઈ રહે તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ખેલાડીઓનું મૂલ્યાંકન માત્ર ફેકલ્ટીના શારીરિક શિક્ષણ અને સ્પોર્ટ્સ સાથે જોડાયેલા અધ્યાપકો પૂરતું સીમિત નહીં રહે, પરંતુ યુનિવર્સિટી પેવેલિયનના પ્રોફેશનલ કોચ તેમજ રમત-ગમત ક્ષેત્રના બહારના એક્સપર્ટ્સની ઉપસ્થિતિમાં ખેલાડીઓના ટ્રાયલ્સ લેવામાં આવશે. પરિણામે સૌથી યોગ્ય અને પ્રતિભાશાળી ખેલાડીઓને જ ફેકલ્ટીની મુખ્ય ટીમમાં રમવાનો અવસર પ્રાપ્ત થશે.

### 13 રમતોમાં ભાગ લેવાની તક

ઈન્ટર-બિલ્ડિંગ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટમાં કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ નીચે મુજબની 13 રમતોમાં ભાગ લઈ શકશે:

**• એથ્લેટિક્સ • બેડમિન્ટન • બાસ્કેટબોલ • ચેસ • સાઇકલિંગ • ફૂટબોલ • જુડો • ખો-ખો • સ્વિમિંગ • ટેબલ ટેનિસ • ટેનિસ • વોલીબોલ • યોગા**

### ભાસ્કર નોલેજ

**રમતોમાં ભાગ લેવાથી શું ફાયદો**

- **ફિટનેસ વધે:** નિયમિત રમતગમતથી શરીર સક્રિય અને તંદુરસ્ત રહે છે.
- **એકાગ્રતા સુધરે:** રમત દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરવાની ટેવ અભ્યાસમાં પણ ઉપયોગી બને છે.
- **ટીમવર્ક શીખવે:** ટીમ ગેમ્સથી સહકાર, સંકલન અને નેતૃત્વના ગુણ વિકસે છે.
- **આત્મવિશ્વાસ વધે:** સ્પર્ધામાં ભાગ લેવાથી પોતાની ક્ષમતા સાબિત કરવાની તક મળે છે.
- **હાર-જીતનો અનુભવ:** રમત વિદ્યાર્થીઓને જીત સ્વીકારવા સાથે હારમાંથી શીખવે છે.

### MSUના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે નવી પહેલ

# કોમર્સમાં આજથી 3 દિવસ ઈન્ટર-બિલ્ડિંગ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ, 750 વિદ્યાર્થી ભાગ લેશે

## મેઈન બિલ્ડિંગ, ગર્લ્સ કોલેજ, યુનિટ બિલ્ડિંગ સહિતના 6 બિલ્ડિંગ્સના વિદ્યાર્થીઓ વચ્ચે ટક્કર

**એજ્યુકેશન રિપોર્ટર** | વડોદરા

એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. કોમર્સના ઈતિહાસમાં સૌપ્રથમ વખત વિવિધ બિલ્ડિંગ્સ વચ્ચે ત્રિ-દિવસીય ઈન્ટર-બિલ્ડિંગ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટનું આયોજન કરાયું છે. આ સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ 28, 29 અને 30 તારીખ દરમિયાન યોજાશે, જેમાં ફેકલ્ટીની જુદી-જુદી બિલ્ડિંગ્સના 750થી પણ વધુ વિદ્યાર્થીઓ વિવિધ રમતોમાં પોતાનું કૌશલ્ય દાખવશે.

દર વર્ષે યુનિવર્સિટી લેવલની રમતોમાં કોમર્સ ફેકલ્ટીમાંથી પ્રમાણમાં ઓછી એન્ટ્રીઓ આવતી હતી. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના માર્ગદર્શન હેઠળ શિક્ષણની સાથે રમત-ગમત પણ સમાંતર રીતે આગળ વધે તેવા ઉદ્દેશ્ય સાથે ફેકલ્ટી ડીન દ્વારા આ અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. યુનિવર્સિટીના પેવેલિયનમાં અત્યાધુનિક સુવિધાઓ, સાધન-સામગ્રી તેમજ કુશળ કોચ અને રેફરીઓ ઉપલબ્ધ હોવા છતાં, ઘણા વિદ્યાર્થીઓ તેનાથી અજાણ છે. આ ટુર્નામેન્ટ થકી વિદ્યાર્થીઓ પેવેલિયનની સુવિધાઓથી પરિચિત થશે. ટુર્નામેન્ટના બીજા જ દિવસે કોમર્સ ફેકલ્ટીની ટીમ જાહેર કરી દેવાશે.

### ટુર્નામેન્ટમાં કોમર્સના વિદ્યાર્થીઓ આ રમતોમાં ભાગ લઈ શકશે

- એથ્લેટિક્સ
- ચેસ
- જુડો
- ખો-ખો
- ટેનિસ
- બેડમિન્ટન
- સાઈકલિંગ
- સ્વિમિંગ
- વોલીબોલ
- બાસ્કેટબોલ
- ફૂટબોલ
- ટેબલ ટેનિસ
- યોગા
- ક્રિકેટ

### ત્રિ-દિવસીય સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ કાર્યક્રમની રૂપરેખા

- **ઉદ્ઘાટન** | 28 તારીખે સવારે 9 વાગ્યે ઓપનિંગ સેરેમની સાથે ટુર્નામેન્ટની શરૂઆત થશે.
- **સમય** | ત્રણેય દિવસ દરમિયાન સવારે 9થી સાંજે 4 વાગ્યા સુધી પેવેલિયન ખાતે મુકાબલા યોજાશે.
- **મેચો** | 28 અને 29 તારીખે તમામ રમતોની નિયમિત લીગ/નોકઆઉટ મેચો રમાશે, જ્યારે 30મી તારીખે તમામ સ્પર્ધાઓની સેમિફાઈનલ અને ફાઈનલ મેચો યોજાશે.
- **સમાપન** | 30મીએ સવારે 10 વાગ્યે વાઇસ ચાન્સેલર ખાસ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધારશે.

### નિષ્ણાત કોચની નજર હેઠળ પારદર્શક પસંદગી પ્રક્રિયા કરાશે

*વિદ્યાર્થીઓની પસંદગી પ્રક્રિયામાં પૂરેપૂરી પારદર્શકતા અને વ્યાવસાયિકતા જળવાઈ રહે તે માટે ખાસ આયોજન કરાયું છે. ખેલાડીઓનું મૂલ્યાંકન માત્ર ફેકલ્ટીના શારીરિક શિક્ષણ અને સ્પોર્ટ્સ સાથે જોડાયેલા અધ્યાપકો પૂરતું સીમિત નહીં રહે, પરંતુ યુનિવર્સિટી પેવેલિયનના પ્રોફેશનલ કોચ તેમજ રમતગમત ક્ષેત્રના બહારના એક્સપર્ટ્સની ઉપસ્થિતિમાં ટ્રાયલ્સ લેવાશે.* » **સંદીપ પ્રજાપતિ,** કો-ઓર્ડિનેટર સ્પોર્ટ્સ